**એડી. જ્યુ. મેજી. ફર્સ્ટ ક્લાસ કોર્ટમાં, તા. માંગરોળ, જી. સુરત**

**ફોજદારી કેસ નં. ..............................**
**માં/કો. ........ગુ. રજી. નં. ...................**

**ફરીયાદી - સરકારશ્રી**

**વિરૂદ્ધ**

**આરોપી -**

-- **ચુકાદો** --

**૧.** આ કામના આરોપી/ઓ સામે **........પ્રોહી................** એક્ટની કલમ **.....૬૫ એએ...........** મુજબનો ગુનો નોંધાયેલ. તપાસના અંતે આરોપી સામે હાલનો ચાર્જશીટ રજુ થતાં ઉપરોક્ત ગુના સબબ આરોપી હાજર થતાં, આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલ ભારતીય ફોજદારી ધારાની કલમ ૨૦૭ મુજબ વિના મુલ્યે આપવામાં આવેલ.

**૨.** ત્યારબાદ આરોપી વિરૂધ્ધ ચાર્જફ્રેમ કરી પ્લી રેકર્ડ કરતાં**,** આરોપીએ ગુનો કર્યાનું ઈન્કાર કરતાં સદરહુ કામ ફરીયાદ પક્ષના પુરાવા સારૂ મુલ્તવી રાખવામાં આવેલ.

ફરીયાદ પક્ષના પુરાવા દરમ્યાન આ કામના આરોપીએ પોતે ગુનો કરેલ હોવાનુ કબુલ કરેલ અને તે મતલબની પુરસીશ પણ આ કામે રજુ કરેલ. જે હાલના કામે સામેલ રાખવામાં આવેલ છે. આરોપીએ પુરસીશ આપતી વખતે રજુઆત કરેલ છે કે, તેઓને અગાઉ નામ. કોર્ટ સમક્ષ ખોટુ નિવેદન આપવા બાબતે અને ગુનો કર્યા બાબતે ખુબ જ પસ્તાવો છે અને આરોપીએ સ્વેચ્છાએ ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે. અદાલત તરફથી તેઓને જણાવવામાં આવેલ છે કે, તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી અને જો તેઓ પોતાના ખર્ચે વકીલ રોકી શકે તેમ ન હોય તો સરકાર તરફથી વિના મુલ્યે વકીલ મળી શકે તેમ છે અને તેઓ પોતાનો બચાવ કરી શકે તેમ છે. ત્યારબાદ પણ આરોપી પોતાનો ગુનો કબુલ હોવાની હકીકત ને વળગી રહેલ. આરોપીએ એવી રજુઆત કરેલ છે કે, તેમનાથી અજાણતા ગુનો થઈ ગયેલ છે, અને ગુનો કર્યાનો પસ્તાવો છે. હવે પછી ક્યારેય તેઓ કોઈપણ પ્રકારનો ગુનો કરશે નહી તેવી ખાત્રી અને ભરોસો આપી, દયાભાવ રાખી ઓછી સજા કરવા અરજ ગુજારેલ છે.

**૩.** આરોપીને તેમની કબુલાત તેમની વિરુદ્ધ પુરાવો ગણાશે તેમજ સદર ગુના સબબ આરોપીને મહત્તમ કેટલી સજા થઈ શકે છે તેની પણ સ્પષ્ટ સમજ આપાવ છતાં પણ આરોપી ગુનો કબુલ કરવા માંગતા હોઈ આરોપી તરફે રજુ થયેલ ઉપરોક્ત ગુન્હા કબુલાત પુરશીસ સ્વૈચ્છીક જણાય છે. આ તબક્કે નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧), જી.એલ.આર. ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરૂદ્ધ નટવર હરિચન્દ્ર ઠાકોરના કેસમાં એવો સિદ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, જો પુરતા અને વાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. હાલના કામે આરોપીએ સ્વેચ્છીક કબુલાત આપેલ છે અને તેઓને ગુના સબબ પસ્તાવો વ્યક્ત કરેલ છે અને ભવિષ્યમાં કોઈ ગુનો નહી કરે તેવી મૌખિક ખાત્રી આપેલ છે. જેથી આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ ઓછી સજા અને દંડ કરી તેને સુધરવાની તક આપવા ન્યાયોચિત માની કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતાં ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ આ અદાલતનું માનવું છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

**૧.** આ કામના આરોપી/ઓને ભારતીય ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૨૪૧ અન્વયે, **પ્રોહીબીશન એક્ટ** ની કલમ **.......૬૫ એએ......** મુજબના ગુના સબબ તકસીર ઠરાવી, પ્રત્યેક આરોપીને મજકુર ગુના સબબ કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂ. **.........૨૦૦/-(બસ્સો રૂ**) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડ ભરવામાં કસુર કરવામાં આવે તો આરોપીએ દિન – **....૧.....** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** સદર કામે કબ્જે કરવામાં આવેલ કિંમતી મુદ્દામાલ ના માલિકીની ખરાઈ કરી, તેના માલિકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે. સદર કામનું કિંમતી મુદ્દામાલ જો કોઈએ ક્લેઈમ કરેલ ન હોય તો તે નિયમાનુસાર સરકાર ખાતે ખાલસા કરવાનો તેમજ અન્ય મુદ્દામાલનો નિયમાનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**માંગરોળ**
**તા. ૧૨/૧૧/૨૨**
**// Self//**

**(આસીફ આબીદહુસૈન ખેરાદાવાલા)**
**એડી. જ્યુ. મેજી. ફ.ક.**
**માંગરોળ.**
**UID No. GJ01282**